| 13 | 44192101300003 72 / 4419-AMBARNATH | **1. Hatim Khan, 2. Gulshan Hatim Khan** **Both Add :** 10-A manohar Chawl, Mohini Village-Sakinaka, Laxminarayan Mandir, Mumbai, Maharashtra-400072. **Both Also at:** A-21, Manohar Mehta Niwas, Laxmi Narayan Road, Sakinaka, Mohili, Mumbai, Maharashtra-400072. **Sr. No.1 Also at** : Qadar Glass House, Shop No. 3, Near Kulkarni Wadi, J.M.M road, Asalpha Village, Mumbai, Maharashtra-400084 | **14.01.2025 / Rs. 22,71,953.1** as on 03.01.2025 | **10.06.2025** | **Rs.14,14,000/-** / **Rs.1,41,400/-** |
| **Description of the Immovable Property:** Property bearing Flat No. 302, area admeasuring about 640 Sq. fts., i.e., 37.69 Sq. Mtrs., Carpet area, in the building known as "Varadvinayak Apartment", constructed on land bearing Survey No. 27/4/A, Plot No. 1, area admeasuring 450 Sq. Mtrs., situated within the limits of Kolhare Grampanchayat of Village-Bopele, Taluka- Karjat, District-Raigad. **Property bounded as under;** East: Open Space, West: Private House, South: Open Space, North: Road, **owned by Hatim Khan & Gulshan Hatim Khan** | | | | | |
| 14 | 4416210130000451 & 4416210150000012 / 4416-KALYAN | **1. Dhanwant Tatyaba Sutar, 2. Harshada Dhanwant Sutar** **Both Add :** M. M Tailor, Beside Pokhran Road No. 2, Gandhi Nagar, H. No. 113/158, Plot No. 18, Thane, Maharashtra-400610. **Both Also at:** Randullabad, Gurudatta Chowk Road, Kongaon, Randullabad, Satara, Maharashtra-415525 | **14.02.2025 / Rs. 10,04,731.0** as on 11.02.2025 | **20.05.2025** | **Rs. 9,03,000/-** / **Rs. 90,300/-** |
| **Description of the Immovable Property:** All that piece and parcel of the Flat No. 102, on 1st floor, area admeasuring 301 Sq. Ft., equivalent to 27.97 Sq. Mtrs., Built-up area, A-Wing, in the building known as "New Sonai Apartment", constructed on land bearing Survey No. 69/3/K, total land area admeasuring 900 Sq. Mtrs., situated at Village-Kalher, Taluka-Bhiwandi, within the limits of Grampanchayat Kalher Sub-Registration of Taluka Bhiwandi and Registration of District and Division Thane. **Said Flat bounded as under (as per technical report);** East: Internal Road, West: Building, North: B Wing, South: Building, **owned by Dhanwant Tatyaba Sutar & Harshada Dhanwant Sutar** | | | | | |
| 15 | 4462210130000340 / 4462-KAMOTHE | **1. Anandrao S Jadhav, 2. Roopali Anandrao Jadhav** **Both Add :** Flat no. 103, 1st Floor, Laxmi Niwas Apt. House no. 683, Old H. no. 545, Deravali, Raigarh, Maharashtra-410206. **Both Also at:** Flat no. 02, Ground Floor, Akshed Galaxy, S. no. 23, H. No. 1(P), Mauje-Ayre, Dombivali East, Tal. Kalyan, Dist. Thane, Maharashtra-421202 | **27.05.2024 / Rs. 2148633.9** as on 27.05.2024 | **23.10.2024** | **Rs.21,60,000/-** / **Rs.2,16,000/-** |
| **Description of the Immovable Property:** A Flat no. 002, on Ground Floor, admeasuring area 370 Sq.ft. built-up on the Akshed Galexy, Shreeram Nagar, Near Balaji Garden, Ayre Gaon, Dombivli (East), Dist. Thane-421202, which is **owned by Anandrao Shivaji Jadhav & Roopali Anandrao Jadhav.** | | | | | |
| 16 | 4416210130000102 / 4416-KALYAN | **1. Mr. Arjunprasad Ramjiyawan Mourya, 2. Mrs. Laxmideviarjun Mourya** **Both Add :** Room No. 201, Shevanti Darshan Buildingp D Cross Roadthakurwadi, Dombivali (West) Thane 421202. **Sr. No. 1 Also at** : 1/2 Gajanan Prasad Chawl, Dinadayal Cross Road, Near Agni Devi Mandir, Thakur Wadi, Dombivali West, Thane - 421202 | **11.10.2021 / Rs. 27,73,569.0** as on 29.09.2021 | **27.04.2022** | **Rs.7,56,000/-** / **Rs.75,600/-** |
| **Description of the Immovable Property:** All that piece and parcel of property being Flat No. 302 on third Floor in C wing admeasuring area 595 Sq. Ft. in the building known as "Sai Dham Niwas" Constructed on the landed property bearing Survey No. 282, Hissa No. IB, New Survey No. 436, Village Neral, Tal. Karjat, Dist. Raigad. | | | | | |

**Date & Time of Inspection of the property(ies)** :: **17-03-2026 & 24-03-2026** Between 11AM to 4PM
**Date for Submission of Bid & EMD** :: **27.03.2026,** Between 11.00 AM to 5.00 PM
**Date and Time of Auction** :: **30.03.2026** From 11:00 AM to 2:00 PM
**Earnest Money Deposit (EMD) in INR (Should be paid through Demand Draft in favour of "Ujjivan Small Finance Bank Ltd.")**

**Place of submission of bids & Auction :** Ujjivan Small Finance Bank Ltd., Nanak Appartment Next to Hotel Zaika, Near Khadakpada Circle Kalyan Murbad Road, Wayale Nagar, Kalyan Thane, Maharashtra-421301 **(Contact Person : Chandramohan Choudhary - 8108838286, Krishna Singh - 7767847584)**

**Terms & Conditions:-** The e-Auction is being held on "AS IS WHERE IS", "AS IS WHAT IS' and "whatever there is" BASIS".

1. To the best of knowledge and information of the Authorised Officer, there is no encumbrance on any property. However, the intending bidders should make their own independent inquiries regarding the encumbrances, title of property/ ies put on auction and claims/rights/ dues/ effecting the property, prior to submitting their bid. The e-Auction advertisement does not constitute and will not be deemed to constitute any commitment or any representation of the bank. The property is being sold with all the existing and future encumbrances whether known or unknown to the bank. The Authorised Officer/ Secured Creditor shall not be responsible in any way for any third party claims/rights/dues.
2. It shall be the responsibility of the bidders to inspect and satisfy themselves about the asset and specification before submitting the bid. The inspection of property/ies put on auction will be permitted to interested bidders at sites as mentioned against each property description.
3. The Interested Bidders shall submit their Bid before the Authorised officer undersigned one day before the auction date as mentioned above.
4. The E-Auction will be conducted through Ujjivan Small Finance Bank approved E-auction service provider - **M/s C1 India Pvt. Ltd.,**. Contact person - **Prabakaran M - (Mob. No.7418281709)**. The intending bidders are advised to visit **https://www.bankeauctions.com** or **https://www.ujjivansfb.in/e-auctions** for the details of the properties in the website and for taking part in the bid they should register their names at portal **https://www.bankeauctions.com** and get their user-id and password free of cost. Prospective bidders may avail online training on E-Auction from the service provider M/s. C1 India Pvt. Ltd., Helpline Number's-7291918824, 25, 26 support email id:- **support@bankeauctions.com**, Auction portal - **https://www.bankeauctions.com.**
5. Property shall be sold to the highest bidder / offered, subject to acceptance of the bid by the secured creditor, i.e., Ujjivan Small Finance Bank Ltd. However, the undersigned has the absolute discretion to allow inter-se bidding if deemed necessary. The Authorised officer has the discretion to accept or reject any offer/Tender without assigning any reason.
6. The Earnest Money Deposit (EMD) of the successful bidder shall be retained towards part sale consideration and the EMD of unsuccessful bidders shall be refunded. The Earnest Money Deposit shall not bear any interest. The successful bidder shall have to deposit 25% of the sale price, adjusting the EMD already paid, within 24 hours of the acceptance of bid price by the Authorised Officer and the balance 75% of the sale price on or before 15 th day of sale or within such extended period in any case not exceeding 3 months as agreed upon in writing by and solely at the discretion of the Authorised Officer. In case of default in payment by the successful bidder, the amount already deposited by the offer shall be liable to be forfeited and property shall be put to re-auction and the defaulting Purchaser shall have no claim/right in respect of property/ amount.
7. The publication is subject to the force major clause.
8. Bidding in the last moment should be avoided in the bidders own interest as neither the Ujjivan Small Finance Bank nor Service provider will be responsible for any lapse/failure (Internet failure/power failure etc.). in order to ward-off such contingent situations bidders are requested to make all necessary arrangements/alternatives such as power supply back-up etc, so that they are able to circumvent such situation and are able to participate in the auction successfully.

This is also a notice to the above named borrowers/Guarantor's/Mortgagors about public auction scheduled for sale of mortgaged properties.

**Sd/- Authorized Officer,**
**Ujjivan Small Finance Bank**

**Place: Maharashtra, Date : 13.03.2026**

# સાવરકુંડલાના બાઢડામાં વિકાસના નામે ભ્રષ્ટાચારનું ગાબડું, નવો બનેલો પુલ માત્ર ૧૦ જ દિવસમાં બેસી ગયો

## લોકાર્પણ પૂર્વે જ લામધાર નદી પરનો પુલ ધરાશાયી થતા પંચાયતની કામગીરી સામે રોષ: હલકી ગુણવત્તાનું મટીરિયલ વાપર્યાનો ગ્રામજનોનો આક્ષેપ



। સાવરકુંડલા ।

સરકાર દ્વારા વિકાસની મોટી મોટી વાતો કરવામાં આવે છે, પરંતુ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામે વિકાસની પોલ ખુલી ગઈ છે. અહીં ગ્રામ પંચાયત હસ્તક પાંચ લાખ રૂપિયાના ખર્ચે લામધાર નદી ઉપર બનાવવામાં આવેલો પુલ માત્ર ૧૦ જ દિવસમાં ધરાશાયી થઈ જતાં તંત્રની નબળી કામગીરી ઉઘાડી પડી છે. આ ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે.

મળતી વિગતો મુજબ, બાઢડા ગામના પરા વિસ્તાર અને સીમતળને જોડવા માટે લામધાર નદી પર આ પુલનું નિર્માણ કરવામાં આવ્યું હતું. ગ્રામજનોની અવરજવર સરળ બને તેવા હેતુથી પંચાયતે આ કામગીરી હાથ ધરી હતી.

જોકે, પુલ તૈયાર થયાના ગણતરીના દિવસોમાં જ તે આખેઆખો બેસી ગયો હતો. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, જ્યારે પુલ પાસે માટીકામ ચાલી રહ્યું હતું ત્યારે જ આ સ્ટ્રક્ચર ધરાશાયી થયું હતું. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ જો વાહનોની અવરજવર શરૂ થયા બાદ આ ઘટના બની હોત તો મોટી દુર્ઘટના સર્જાઈ શકી હોત.

### તંત્રની ઊંઘ ઉડી, તપાસની માંગ

પુલ ધરાશાયી થવાના સમાચાર વાયુવેગે પ્રસરતા આસપાસના વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો છે. સ્થાનિક અગ્રણી ગોવિંદભાઈ પટેલે આક્ષેપ કર્યો છે કે પુલના નિર્માણમાં અત્યંત હલકી ગુણવત્તાનું મટીરિયલ વાપરવામાં આવ્યું હતું અને કામ દરમિયાન કોઈ યોગ્ય દેખરેખ રાખવામાં આવી નહોતી. ગ્રામજનો હવે આ સમગ્ર મામલે ઉચ્ચ સ્તરીય તપાસ અને જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહીની માંગ કરી રહ્યા છે.

### કામ નબળું લાગતા તોડી નાખ્યો:સરપંચ પતિ

બાઢડાના પુલ તૂટી ગયા અંગે ગ્રામ પંચાયતના મહિલા સરપંચના પતિ ભરતભાઈ ગાંધીએ જણાવ્યું હતુ કે અમોને કામ નબળુ લાગતા જેસીબીથી પુલને તોડી નાખવામાં આવ્યો છે.

### સરકારી નાણાંનો વેડફાટ

માત્ર પાંચ લાખના ખર્ચે બનેલો આ નાનો પુલ દસ દિવસ પણ ટકી ન શકતા સરકારી નાણાંનો વેડફાટ થયો હોવાનું સ્પષ્ટ દેખાય છે. વિકાસના કામોમાં કોન્ટ્રાક્ટરો અને જવાબદારોની મિલીભગતને કારણે કેવી નબળી કામગીરી થાય છે, તેનું જીવતું જાગતું ઉદાહરણ બાઢડા ગામનો આ ધરાશાયી થયેલો પુલ પૂરું પાડી રહ્યો છે.

### નબળું લોખંડ વપરાયું, રેતીને બદલે ભૂક્કી વાપરી

આ અંગે બાઢડા ગામના નાગરિક ગોવિંદભાઈએ જણાવ્યું હતુ કે કામગીરીમાં લોખંડ નબળુ વાપરવામાં આવ્યુ હતુ. કાંકરી બને તેની ભૂક્કી વાપરવામાં આવી હતી. રેતીનો ઉપયોગ જ કરવામાં આવ્યો ન હતો.

એ ડિવીઝન પોલીસમાં નોંધાયેલ હનીટ્રેપના ગુનાનો DCBએ ભેદ ઉકેલ્યો

# બોટાદના નિવૃત શિક્ષકને હનીટ્રેપમાં ફસાવી રૂ.૧૨ લાખ પડાવનાર બે મહિલા સહિત ત્રિપુટી ઝડપાઈ

## વધુ તપાસ અર્થે રિમાન્ડ પર લેવા તજવીજ, બેલડીની શોધખોળ

। રાજકોટ ।

બોટાદના નિવૃત્ત શિક્ષકને જમીન લેવાના બહાને રાજકોટ બોલાવી બાદ બસ સ્ટેન્ડ પાછળ આવેલી હોટેલમાં લઈ જઈ મહિલા સાથે બળજબરી શરીર સંબંધ બંધાવી તેના ફોટા પાડી બાદ કારમાં બેસાડી અપહરણ કરી અજાણી જગ્યાએ લઈ જઈ રૂ.૮૦ લાખની માંગણી કરી રૂ.૧૨ લાખ પડાવી વધુ પૈસાની માંગણી કરી ધમકી આપતા હોવાની વૃધ્ધે રાજકોટ એ ડીવીઝન પોલીસમાં પાયલ પટેલ સહિત ત્રણ સામે ગુનો નોંધાવેલ હતો. દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચે ગણતરીની કલાકોમાં જ બે મહિલા સહિત ત્રણને દબોચી લઈ ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે. અન્ય કોઈને ભોગ બનાવ્યા છે કે નહીં તે જાણવા પોલીસે ત્રિપુટીને રીમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરી તેના બે સાગરીતની શોધખોળ હાથ ધરી છે.

બોટાદમાં રહેતા બટુકભાઈ માનસંગભાઈ પટેલ નામના નિવૃત શિક્ષકે એ ડીવીઝન પોલીસમાં પાયલ ભાવીન પટેલ અને બે અજાણી મહિલા સહિત સામે નોંધાવેલ ફરિયાદમાં



જણાવ્યું હતું કે વૃધ્ધ વર્ષ ૨૦૨૫માં શિક્ષક તરીકે નિવૃત થયા હોય જેથી તેને નિવૃતી બાદ જમીનમાં રોકાણ કરવાની ઈરછા હોવાથી પાયલ સાથે તેનો પરિચય થયો હતો.બાદ પાયલે વૃધ્ધને રાજકોટમાં સારી જમીન બતાવવાનું બહાનું ધરી ગત.તા.૭ ફેબ્રુઆરીએ પોતાની કાર લઈ વૃધ્ધને રાજકોટ બોલાવી બાદ બસ સ્ટેન્ડ પાછળ આવેલી હોટેલમાં લઈ જઈ વૃધ્ધને બળજબરી મહિલા સાથે શરીર સંબંધ બંધાવી તેના ફોટા પાડી લીધા હતા.બાદ તેની જ કારમાં છરીની અણીએ વૃધ્ધનું અપહરણ કરી રૂ.૮૦ લાખની માંગણી કરી હતી.જો પૈસા ન ચુકવે તો પોકસોના કેસમાં ફીટ કરવાની ધમકી આપી હોવાથી વૃધ્ધે બદનામીના ડરે રૂ.૧૨ લાખ પાયલના ખાતામાં ટ્રાન્સફર કર્યા છતાં ટોળકી વધુ પૈસાની માંગણી કરી ધમકી આપતી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચે ટેકનિકલ સોર્સીસ અને બાતમી આધારે પાયલ ભાવીન પટેલ, તેજલ દિપક ટીંડાણી અને નિલેશ મૈયા ઝુંઝાને ગણતરીની કલાકોમાં જ ઝડપી લઈ ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં પાયલ આ હનીટ્રેપ ગેંગની મુખ્ય સૂત્રધાર છે. અગાઉ ભરૂચના અંકલેશ્વરમાં તેની સામે હનીટ્રેપનો ગુનો નોંધાઈ ચુકયો છે.પાયલ પોતાની વાકચાતુર્યથી ભોળવાતા લોકોને જમીનના સોદાના બહાને બોલાવતી અને બાદ રાજકોટની તેજલ સાથે મળીને બળાત્કારના ગુનામાં ફીટ કરવાની ધમકી આપી ખંડણી વસુલતી હતી. આ ટોળકીમાં નિલેશ ડ્રાઈવીંગની સાથે અન્ય સહાયક ભૂમિકા ભજવતો હોવાનું જાણવા મળતા પોલીસે ઝડપાયેલી ત્રિપુટીને વધુ તપાસ અર્થે રિમાન્ડ પર લેવા કાર્યવાહી કરી છે. તેમજ આ ટોળકીના બે સાગરીત અંજલી અને હિરાની શોધખોળ હાથ ધરી છે.

ચોપાટી વિસ્તારમાં વેચાણ કરતા હતા: દસ લાખનો મુદ્દામાલ કબજે

# પોરબંદરમાં વાઘ અને સિંહના શંકાસ્પદ નખ, કસ્તુરી સહિતની વસ્તુઓ સાથે બે મહિલા સહિત ૪ ઝડપાયા

## વન વિભાગે કોર્ટમાં રજૂ કરતા કોર્ટ દ્વારા જેલહવાલે કરાયા

ફોટો:નિપુલ પોપટ







। પોરબંદર ।

પોરબંદરમાં વન વિભાગ દ્વારા ચોપાટી નજીક વાઘ, સિંહના નખ, કસ્તુરી સહિતના અંગોનું વેચાણ કરતા એમપીના ૨ મહિલા અને ૨ પુરૂષને ઝડપી લઈ કોર્ટમાં રજુ કરતા કોર્ટે તેને જેલહવાલે કરવાનો હુકમ કર્યો છે. પોલીસે દસ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોરબંદર વન વિભાગ દ્વારા વન્યજીવોના અંગોના ગેરકાયદે વેપાર સામે લાલ આંખ કરવામાં આવી છે. ચોપાટી ગ્રાઉન્ડ પાસેથી વન્યજીવોના નખ અને અન્ય અંગોનું વેચાણ કરતા ચાર શખ્સોને વન વિભાગની ટીમે ઝડપી પાડ્યા છે. બરડા અભયારણ્ય અને રાણાવાવની રેન્જ ફોરેસ્ટ ઓફિસરની ટીમોએ આ સફળ ઓપરેશન પાર પાડ્યું હતું.

ફોરેસ્ટ ઓફિસર એસ આર ભમ્મરે આપેલ માહિતી મુજબ ચોપાટી ગ્રાઉન્ડ પાસેથી પરપ્રાંતીય લોકો વન્યજીવોના અવશેષોનું ગેરકાયદે વેચાણ કરતા હોવાની હકીકત સામે આવી હતી.આથી વન વિભાગની ટીમ તુરંત દોડી ગઈ હતી અને સિલેંડર પરાધી આદિવાસી, ચમાંચમ બાય સિલેંડર,કહીના જલ મેહાન પવાર આદિવાસી અને તનકસિંહ બાવલસિંહ આદિવાસીને ઝડપી લઈ આરોપીઓ પાસેથી સિંહ અને વાઘ જેવા વન્યજીવોના શંકાસ્પદ નખ તેમજ કસ્તુરી મૃગ જેવા પદાર્થો જપ્ત કર્યા છે. એ સિવાય આરોપીઓ પાસેથી ગિલોલ,કરવત અલગ અલગ ધાતુની છરીઓ અને કુહાડી સહિતના હથિયારો પણ કબ્જે કર્યા છે. આથી વન્યજીવોનો શિકાર જાતે જ કરતા હોવાની પણ શક્યતા છે. જો કે વન વિભાગે .ચારેયની ધરપકડ કરી તેની સામે ભારતીય વન્યજીવ સંરક્ષણ અધિનિયમ, ૧૯૭૨ની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરી કોર્ટમાં રજુ કરાયા હતા કોર્ટે તેને જેલહવાલે કરવાનો હુકમ કરતા જેલ હવાલે કરાયા છે. જ્યારે "જપ્ત કરાયેલા વન્યજીવોના અંગોને તપાસ માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. લેબના રિપોર્ટ બાદ જ સ્પષ્ટ થશે કે આ અંગો કયા વન્યજીવના છે.

### વનવિભાગે રેકેટ સુધી પહોંચવા તપાસ તેજ કરી

વન વિભાગ હવે આ રેકેટના મૂળ સુધી પહોંચવા માટે તપાસ તેજ કરી રહ્યું છે.જો કે કેટલીક વસ્તુઓમાં સિંદુર પણ લગાડવામાં આવ્યો હતો અને રુદ્રાક્ષ સહિતની માળાઓ પણ કબ્જે થઇ છે ત્યારે આ લોકો મંત્ર તંત્ર અને અંધશ્રદ્ધાને પણ પ્રોત્સાહન આપતા હતા કે કેમ તે અંગે પણતપાસ કરવામાં આવી રહી છે

સૌરાષ્ટ્રમાં એક જ દિવસમાં બે શહેરોમાં આંચકા

# તાલાલામાં બપોરે ૨.૫ અને મહુવામાં મધરાતે ૩.૧ની તીવ્રતાનો ધરતીકંપ

। રાજકોટ ।

સૌરાષ્ટ્રમાં ઉનાળો કાળઝાળ છે ત્યારે ધરતીકંપના આંચકાનો સિલસો યથાવત રહ્યો છે. સૌરાષ્ટ્રમાં ભુકંપની મુખ્ય લાઈનમાં આજે બપોરે તાલાલામાં બપોરે અને મહુવામાં મધરાતે હળવા ભુકંપના આંચકાથી ઘર અને બહુમાળી ઈમારત ખળખળી ઉઠ્યા હતા અને લોકોમાં ગભરાટ ફેલાયો હતો. જો કે, ભુકંપના આંચકાથી કોઈ જાનહાની કે નુકશાનીના અહેવાલ નથી.

તાલાલામાં આજે બપોરના ૧૨:૩૬ કલાકે ૨.૫ની તીવ્રતાના ભુકંપનો આંચકો નોંધાતા લોકોમાં ગભરાટ છવાયો હતો. આંચકાનું કેન્દ્રબિંદુ તાલાલાથી ૧૧ કિલોમીટર દુર નોધાયું હતું અને જમીનમાં ૫.૫ કિલોમીટર નીચે નોંધાયું હતુ. બપોરનો સમય હોવાથી લોકોએ આંચકાની અનુભુતિ કરી હતી. આંચકો આવતા ઘરના બારી દરવાજા ખખડી ઉઠ્યા હતા. આંચકાની અસર ઉત્તર-પૂર્વ દિશામાં આવેલ અનેક ગામોમાં થઈ હતી.

ભાવનગરના મહુવામાં મધરાતના ૩:૦૬ કલાકે ૩.૧ની તીવ્રતાનો ભુકંપનો આંચકો આવતા લોકો ભરનીંદરમાંથી જાગી ઘર બહાર દોડી આવ્યા હતા. આ આંચકાનું કેન્દ્ર બિંદુ મહુવાથી ૨૩ કિલોમીટર દુર અને જમીનમાં ૧૧ કિલોમીટર નીચે નોંધાયું હતું. આંચકાથી કોઈ જાનહાની કે નુકશાનીના અહેવાલ નથી. આમ એક જ દિવસમાં બે શહેરોમાં ધરતીકંપના આંચકાથી લોકોમાં ફફડાટ ફેલાયો હતો.

### બારી-દરવાજા ખખડી ઉઠ્યા: કોઈ નુકશાનીના અહેવાલ નહી

### ગોંડલમાં રૂ. ૨. ૯૬ લાખની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

ગોંડલ : રાજકોટ ગ્રામ્ય એલસીબીએ ગોંડલના પ્રમુખનગરમાંથી નરેન્દ્રસિંહ પ્રતાપસિંહ ઝાલાને વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલ નંગ-૧૦૭ કિંમત રૂ.૨,૯૬,૨૦૩ તથા અન્ય મુદ્દામાલ મળી કુલ.રૂ.૩,૦૬,૨૦૩ના મુદ્દામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી. જ્યારે નાશી છુટેલા તેનાં પુત્ર રૂષીરાજસિંહ નરેન્દ્રસિંહ ઝાલાને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા

### લીંબડીમાં આવતીકાલે જૈન સંતોનું આગમન થતા ધાર્મિક કાર્યક્રમો યોજાશે

સુરેન્દ્રનગર : શ્વેતામ્બર મુર્તીપુજક જૈન સંપ્રદાયના શ્રીમદ્‌વિજય પ્રબોધચંદ્રસુરીશ્વરજી મહારાજ કે જેઓ ચકાચક મહારાજના નામે ઓળખાય તેઓ પાલીતાણા ખાતે તાજેતરમાં પોતાનો ૯૪મો જન્મ દિવસ ઉજવી અમદાવાદ તરફ વિહાર કરી રહ્યા છે. જેમાં ગુરૂદેવ સહિતના સંતો આવતીકાલે તા. ૧૪-૩ને શનિવારના રોજ લીંબડી પધારી રહ્યા છે. જેમાં સવારે ૭ કલાકે ઉંટડી ગેટ પુલ પાસ તેમનું ભવ્ય સામૈયુ કરાશે. ત્યારબાદ નવકારશીનું આયોજન કરાયુ છે. જયારે શનિવારે બપોરે ૧૧ કલાકે બાહુજીનસ્વામી જિનાલય ખાતે ગુરૂદેવ મહા માંગલીક ફરમાવશે. ત્યારબાદ સ્વામીવાત્સલ્યનું પણ આયોજન કરાયુ છે. મોટી સંખ્યામાં શ્રાવકોને ગુરૂદેવના મુખેથી મહા માંગલીક સાંભળવા ઉપસ્થીત રહેવા અનુરોધ કરાયો છે.

પુરાવા સાથે ચેડાં થવાની શક્યતાને આધારે જામીન ગ્રામ્ય કોર્ટે ફગાવ્યા

# સુરેન્દ્રનગર જમીન કૌભાંડ: પૂર્વ કલેક્ટરના ખાતામાંથી ૩.૧૨ કરોડ મળ્યા

## લાંચિયા અધિકારીઓએ ૧૧ માસમાં જ ૯.૬૦ કરોડની લાંચ લીધી હોવાનું ખૂલ્યું

। અમદાવાદ ।

સુરેન્દ્રનગર જિલ્લામાં જમીન બિનખેતી (NA) કરવાના બહાને ચાલતા હાઈપ્રોફાઈલ ભ્રષ્ટાચારના કેસમાં જેલમાં બંધ તત્કાલિન કલેક્ટર રાજેન્દ્રકુમાર પટેલને અમદાવાદ ગ્રામ્ય કોર્ટે મોટો ઝટકો આપ્યો છે. ડિસ્ટ્રિક્ટ જજ કે.એમ. સોજીત્રાએ આરોપીની જામીન અરજી ફગાવતા નોંધ્યું હતું કે, જિલ્લાના સર્વોચ્ચ વહીવટી પદે બેસીને અધિકારીઓએ લાંચ ઉઘરાવવાનો જે 'રેટ કાર્ડ' નક્કી કર્યો હતો, તેમાં કલેક્ટરનો ગેરકાયદે ૫૦% હિસ્સો હતો. ED (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ) દ્વારા રજૂ કરાયેલા ડિજિટલ પુરાવા અને હિસાબની શીટ્સને ધ્યાને લેતા કોર્ટે સ્પષ્ટ કર્યું કે, આવા ગંભીર આર્થિક ગુનામાં સંડોવાયેલા વગદાર અધિકારીને જામીન આપવા ન્યાયહિતમાં યોગ્ય નથી.

EDની તપાસમાં બહાર આવ્યું છે કે સુરેન્દ્રનગર કલેક્ટર કચેરીમાં CLU (જમીન વપરાશ ફેરફાર) ની અરજીઓ મંજૂર કરવા માટે એક આખું સિસ્ટેમેટિક ખંડણી રેકેટ ચાલતું હતું. એડવોકેટ અનિરૂધ્ધ ખંભોજાએ કોર્ટમાં દલીલ કરી હતી કે, જમીન NA કરવા માટે પ્રતિ સ્કેવર મીટર રૂ. ૧૦નો ભાવ નક્કી કરાયો હતો. આ રકમ 'સ્પીડ મની' તરીકે વસૂલાતી હતી જેથી અરજી વિલંબિત ન થાય.

તપાસ દરમિયાન જપ્ત કરાયેલા ૧૨ ડિજિટલ ડિવાઈસ અને પેનડ્રાઈવમાંથી ચોંકાવનારો હિસાબ મળ્યો છે. માત્ર ૧૧ મહિનાના ટૂંકા ગાળામાં આ ટોળકીએ રૂ. ૯.૬૦ કરોડની લાંચ એકઠી કરી હતી. PMLAની કલમ ૫૦ હેઠળ નોંધાયેલા નિવેદનો મુજબ, આ કુલ રકમમાંથી રાજેન્દ્રકુમાર પટેલના હિસ્સે રૂ. ૩,૧૨,૬૨,૨૩૦ આવ્યા હોવાના પુરાવા છે. લાંચની રકમનો વંશવેલો એવો હતો કે કલેક્ટરને ૫૦% અને RAC આર.કે. ઓઝાને ૨૫% હિસ્સો મળતો હતો. આ રકમનો હિસાબ નિયમિતપણે વોટ્સએપ દ્વારા અધિકારીઓ વચ્ચે શેર કરવામાં આવતો હતો, જે હવે તપાસ એજન્સીના હાથમાં છે.

### ડિજિટલ ડાયરીમાં ચોંકાવનારા ખુલાસા થયા

ફિક્સ ટકાવારી: લાંચની રકમમાં કલેક્ટરનો સિંહફાળો (૫૦%) હતો, જ્યારે બાકીની રકમ હોદ્દા મુજબ વહેંચાતી

વોટ્સએપ નેટવર્ક: કઈ ફાઈલ ક્લિયર થઈ અને કેટલા રૂપિયા આવ્યા તેનો હિસાબ મેસેજ દ્વારા થતો

પુરાવા સાથે ચેડાં: કોર્ટે જામીન ફગાવતા જણાવ્યું કે આરોપી વગદાર હોવાથી બહાર આવીને સાક્ષીઓ કે પુરાવાઓને નુકસાન પહોંચાડી શકે છે

અન્ય આરોપીઓ: આ કેસમાં નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી સહિત RAC અને ક્લાર્ક કક્ષાના અધિકારીઓ સામે પણ ગાળિયો કસાયો છે

RAIL & AIR - SUMMER SP.
ચંપારણ્ય-જ.પુરી-કલકત્તા-ગંગાસાગર
નેપાલ-કાઠમંડુ-પશુપતીનાથ-પોખરા-મુક્તિનાથ
પુલ્હાશ્રમ-બનારસ-અયોધ્યા-છપૈયા
કાશ્મીર-શ્રીનગર-સોનમર્ગ-પહેલગાવ-વૈષ્ણોદેવી
ચારધામ-બદ્રી-કેદાર-ગંગોત્રી-યમનોત્રી
AC હોટલ-AC બસ-ગુજરાતી કેટરર્સ સાથે
ભારતદર્શન 98244 56688

Aditya Birla Capital Limited

ADITYA BIRLA CAPITAL

Regd. Office: Indian Rayon Compound, Veraval - 362 266, Gujarat | Tel: 91 2876 243257
CIN: L64920GJ2007PLC058890 | www.adityabirlacapital.com | abc.secretarial@adityabirlacapital.com

SPECIAL WINDOW FOR TRANSFER AND DEMATERIALISATION OF PHYSICAL SECURITIES OF ADITYA BIRLA CAPITAL LIMITED

Shareholders are hereby informed that, Securities and Exchange Board of India ("SEBI") vide its Circular No. SEBI/HO/MIRSD/MIRSD-PoD/P/CIR/2025/97 dated 2 July 2025 had opened a Special Window, for a period of 6 months from 7 July 2025 to 6 January 2026 to facilitate the re-lodgement of transfer deeds which were originally lodged prior to 1 April 2019 but were rejected / returned/ not attended, due to deficiency in the documents/process/ otherwise.

In order to facilitate the investors, the SEBI vide its Circular No. HO/38/13/11(2)2026-MIRSD-POD/ I/3750/2026 dated 30 January 2026 read with Master Circular No. HO/38/13/(4)2026-MIRSD-POD/I/4298/2026 dated 6 February 2026 has **decided to open another special window for a further period of one year i.e. from 5 February 2026 till 4 February 2027** to facilitate Transfer and Dematerialisation of Physical Securities and also to facilitate re-lodgement of transfer deeds as mentioned above.

During the aforesaid period, the shares that are re-lodged for transfer shall be issued only in dematerialized (demat) form, subject to verification and approval of all submitted documents by the Company's Registrar and Transfer Agent ("RTA") i.e. KFin Technologies Limited. Shareholders are required to provide their Client Master List along with other relevant documents while submitting the documents for re-lodgement.

Further, the securities so transferred shall be under lock-In for a period of one year from the date of registration of transfer. Such securities shall not be transferred/lien-marked/ pledged during the said lock-In period and also following cases will not be considered under this special window:

- Cases involving disputes between transferor and transferee
- securities which have been transferred to Investor Education and Protection Fund (IEPF)

Shareholders who have missed the earlier deadline of 31 March 2021 and thereafter of 6 January 2026 for re-lodgement of transfer deeds are encouraged to take advantage of this opportunity by submitting the necessary documents to the Company's RTA i.e. KFin Technologies Limited at email ID einward.ris@kfintech.com or at their office at Selenium Building, Tower-B, Plot No. 31 & 32, Financial District Nanakramguda, Serilingampally, Hyderabad, Rangareddy, Telangana, India – 500 032.

Updation of KYC and Conversion of Physical Shares into Dematerialised Form

Shareholders holding equity shares in physical form are requested to update their KYC details and convert their physical shares into dematerialised (electronic) form. Holding share in demat form offers multiple benefits and eliminates the risks associated with physical share certificates.

For ADITYA BIRLA CAPITAL LIMITED

Sd/-
Santosh Haldankar
Company Secretary & Compliance Officer
ACS-19201

Place: Mumbai
Date : 13 March 2026

પોલીસને જોઈ મોબાઈલ ફેંકી પાણી નાખી દીધું, ગટરની કુંડીમાંથી કબજે

# જૂનાગઢ જેલમાં બેરેક નં-૧૧માં કાચા કામના કેદીઓ પાસેથી મોબાઈલ, બેટરી, સીમ જપ્ત

## બેરેકની બહાર પડેલા થેલામાંથી બીજો ફોન મળ્યો, જેલર બન્યા ફરિયાદી

। જૂનાગઢ ।

જૂનાગઢ જિલ્લા જેલમાં સુરક્ષા અને શિસ્ત વિભાગ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવતા કાચા કામના બે કેદીઓ પાસેથી અનઅધિકૃત રીતે ઉપયોગમાં લેવાતા મોબાઈલ ફોન મળી આવ્યા છે. આ મામલે જેલરે એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, જૂનાગઢ જિલ્લા જેલમાં જેલર તરીકે ફરજ બજાવતા જી. આર. વણઝારાને ખાનગી બાતમી મળી હતી કે, કાચા કામનો આરોપી અયાન ઉર્ફે પાંચીયો અમીનભાઈ મુળીયા જેલમાં ગેરકાયદેસર રીતે મોબાઈલનો ઉપયોગ કરે છે. આ બાતમીના આધારે આજે બપોરે ૧૨:૨૫ કલાકની આસપાસ સ્થાનિક ઝડતી સ્કવોર્ડના કર્મચારીઓ સલામતી વિભાગની બેરેક નં-૧૧ માં ચેકિંગ માટે પહોંચ્યા હતા.

ઝડતી સ્કવોર્ડને અંદર આવતી જોઈને આરોપી અયાન ઉર્ફે પાંચીયો બાથરૂમમાં દોડી ગયો હતો અને પોતાની પાસે રહેલો મોબાઈલ બાથરૂમમાં ફેંકીને ઉપરથી પાણી નાખી દીધું હતું. ત્યારબાદ સ્કવોર્ડના કર્મચારીઓએ બહારની બાજુ આવેલી ગટરની કુંડીમાં તપાસ કરતા તેમાંથી કંપનીનો એક કાળા કલરનો કી-પેડ વાળો મોબાઈલ, એક બેટરી અને એક સિમકાર્ડ મળી આવ્યું હતું. આ ઉપરાંત, સલામતી વિભાગની બેરેક-૧૧ ની બહાર ઓસરીમાં પડેલા એક થેલાની તપાસ કરવામાં આવતા, તેમાંથી પણ વધુ એક કી-પેડ વાળો મોબાઈલ અને બેટરી જે સિમકાર્ડ વગર મળી આવ્યા હતા. આ થેલો કાચા કામના અન્ય આરોપી નદીમ ઉર્ફે નિક્કી મુન્નાભાઈ ચંદાણીનો હોવાનું ખૂલ્યું હતું.

આ બનાવ અંગે જેલર જી. આર. વણઝારાએકાચા કામના બંને આરોપીઓ તેમજ તપાસમાં જેમના નામ ખૂલે તેમની સામે બી.એન. એસ.ની કલમ મુજબ એ ડિવિઝન પોલીસમાં ગુનો નોંધાવ્યો છે. આ મોબાઈલ જેલમાં કોણે અને કેવી રીતે ઘુસાડ્યા તેમજ બહારના ક્યા શખ્સો તેમાં સંડોવાયેલા છે તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

CHANGE OF NAME
I The Undersigned RAJIV NANDKUMAR MULCHANDANI Here By Declare That I Have Changed My Name From RAJIV NANDLAL MULCHANDANI To RAJIV NANDKUMAR MULCHANDANI Now Onwards I Would Be Known As RAJIV NANDKUMAR MULCHANDANI
Address: Komal Kunj, Gayakvadi Street No.9, Opp.Sadhu Vasvani Hospital, Rajkot-360 001

TENDER NOTICE
E-Tender for Construction of Secured Landfill Site for safe disposal of Industrial Hazardous Waste and construction of it's Utilities at CHWTSDF Site, Vapi-Gujarat. Tender shall be uploaded on MSTC portal. Interested organizations may visit www.mstcecommerce.com and www.vgelvapi.com for downloading the tender documents or e-mail to dgm.purchase@vgelvapi.com or call 0260 242 8950, 9714000828

CHANGE OF NAME
I UNDERSIGNED PRIYANSHIBEN KALPESHBHAI PATOLIYA HERE BY DECLARE THAT I HAVE CHANGED MY NAME FROM PRIYANSHI KALPESHBHAI PATOLIYA TO PRIYANSHIBEN KALPESHBHAI PATOLIYA. NOW ONWARDS I WOULD BE KNOWN AS PRIYANSHIBEN KALPESHBHAI PATOLIYA.
PRIYANSHIBEN KALPESHBHAI PATOLIYA
Date : 13/03/2026, RAJKOT